# એલ.આર.ડી. ભરતીનો અનામત વિવાદે ધમસાણ

## આજે નવો જ પરિપત્ર જારી કરાશે : એલઆરડી ભરતીમાં અનામતનો વિવાદ હાઇકોર્ટમાં પહોંચ્યો : ૧૫૫થી વધારે અનામત કેટેગરી બહેનો દ્વારા અંતે ગુજરાત હાઈકોર્ટમાં રીટ અરજી : તમામ વિવાદો અને સમસ્યાઓનું નિરાકરણ લાવવા સરકાર ઈચ્છુક

એલઆરડી ભરતીમાં અનામતના વિવાદમાં આજે ૧૫૫ જેટલી અનામત કેટેગરીની બહેનોએ ગુજરાત હાઈકોર્ટમાં મહત્વની રિટ અરજી દાખલ કરી હતી અને સરકારના તા.૧-૮-૨૦૧૮ના વિવાદાસ્પદ પરિપત્રની જોગવાઈને લઈ થઈ રહેલા ખોટા અર્થઘટનને લઈ હાઈકોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. અરજદાર બહેનો તરફથી એલઆરડી ભરતીમાં તેમને મેરિટ મુજબ સમાવી લઈ નિમણૂક આપવા દાદ માંગવામાં આવી હતી. દરમિયાન રાજય સરકાર તરફથી બહુ મહત્વપૂર્ણ નિવેદન કરી હાઈકોર્ટ સમક્ષ હૈયાધારણ અપાઈ હતી કે, રાજય સરકાર આ તમામ વિવાદો અને સમસ્યાનું નિરાકરણ થાય તે પ્રકારે આવતીકાલે નવો પરિપત્ર જારી કરશે, તેથી અરજદારોની સમસ્યાનું સમાધાન થઈ જશે. જસ્ટિસ બીરેન વૈષ્ણવે સરકારના નિવેદનને ધ્યાનમાં લઈ કેસની વધુ સુનાવણી તા.૧૮મી ફેબ્રુઆરીના રોજ મુકરર કરી હતી. અરજદાર દિવ્યાબહેન ચૌધરી સહિત અનામત કેટેગરીની ૧૫૫ બહેનો તરફથી કરાયેલી રિટ અરજીમાં એડવોકેટ વિજય નાંગેશે મહત્વની રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, એલઆરડી ભરતીને લઈ સરકારે સૌપ્રથમ જનરલ મેરિટ લીસ્ટ બનાવવુ જોઈએ. તેમાં જો એસસી, એસટી અને ઓબીસીની બહેનોનું મેરિટ ઉંચું હોય અને જનરલમાં સમાવિષ્ટ થતી હોય તેઓને જનરલ મેરિટલીસ્ટમાં સમાવી લેવી જોઈએ અને ત્યારબાદ રિર્ઝવ કેટેગરીનું મેરિટ લીસ્ટ બનાવવું જોઈએ. સરકાર દ્વારા તા.૧-૮-૨૦૧૮ના પરિપત્રનું ખોટું અર્થઘટન થઈ રહ્યું છે, જેના કારણે સેંકડો ઉમેદવારોને ભારોભાર અન્યાય થઈ રહ્યો છે ત્યારે આ મામલે હાઈકોર્ટે દરમ્યાનગીરી કરવી ન્યાયોચિત બની જાય છે.

દરમ્યાન રાજય સરકાર તરફથી એડવોકેટ જનરલે હાઈકોર્ટમાં મહત્વનું નિવેદન કર્યું હતું કે, આવતીકાલે રાજ્ય સરકાર આ મુદ્દે નવો જીઆર બહાર પાડશે. અરજદારોની માંગણી નવી પોલિસી અંતર્ગત સંતોષાઈ જશે તેવી આશા વ્યક્ત કરી હતી. ઉપરાંત, ૧૮ ફેબ્રુઆરીએ નવો પરિપત્ર હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવશે તેવી હૈયાધારણ આપવામાં આવતાં હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી તા.૧૮મી ફેબ્રુઆરી પર મુકરર કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, એલઆરડીની ભરતીમાં અનામત કેટેગરીની મહિલા ઉમેદવારો મેરિટ ઊંચુ હોવા છતાં જનરલ કેટેગરીની મહિલા અનામતમાં સ્થાન મેળવી ના શકે તેવી જોગવાઈ સાથેના જીએડીએ બહાર પાડેલા તા.૧-૮-૨૦૧૮ના ઠરાવને રદ કરવાની માંગણી સાથે છેલ્લા ૬૫ દિવસથી ગાંધીનગરમાં એસસી, એસટી અને ઓબીસીની મહિલા ઉમેદવારો ઉપવાસ આંદોલન કરી રહી છે, જેની સામે રાજય સરકારે ગઈકાલે નમતું જોખી જીએડીના વિવાદીત ઠરાવમાં આંશિક સુધારો કરવાની જાહેરાત કરી હતી. આ સમગ્ર મામલે સરકારે આજે હાઈકોર્ટમાં નવો પરિપત્ર જારી કરવાની હૈયાધારણ આપી હતી.







મોડી સાંજે ગાંધીનગરના પથિકાશ્રમ પાસે બિન અનામત વર્ગની એલ.આર.ડી. મહિલા ઉમેદવારોએ ચક્કાજામ કર્યુ હતું. ઉગ્ર દેખાવોને પગલે એક કલાક ઘ-૩ વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. જોકે પાછળથી પોલીસ કાફલો પહોંચી જતાં અગ્રણીઓની ધરપકડ કરાતા સ્થિતિને કાબુમાં લેવાઈ હતી.

# બિન અનામત વર્ગમાં ભારે રોષ

## બિન અનામત વર્ગની સેંકડો મહિલા ગાંધીનગરમાં : અનામત વર્ગને મનાવવા જતા બિન અનામતના સમાજમાં નારાજગી ફેલાઈ : બાંભણીયા અને અન્યની ઉગ્ર રજુઆત

ગાંધીનગર, તા.૧૨

એલઆરડી ભરતીના વિવાદમાં રાજય સરકારે જીએડીના તા.૧-૮-૨૦૧૮ના પરિપત્રમાં સુધારો કરી નવો પરિપત્ર જારી કરવાની જાહેરાત કરતાં હવે આ વાતને લઈ રાજયના બિનઅનામત વર્ગમાં ભારોભાર આક્રોશ ફેલાઈ ગયો છે. બિનઅનામત વર્ગના ન્યાય માટે આજે પાટીદાર નેતા દિનેશ બાંભણીયા, લાલજી પટેલ, કરણી સેના, ગુજરાતના પ્રમુખ રાજ શેખાવત સહિતના નેતાઓ બિન અનામત વર્ગની સેંકડો મહિલાઓ, બહેનો અને ઉમેદવારોને લઈ ગાંધીનગર તરફ કૂચ કરવા આગળ વધ્યા હતા. જેને લઈ સમગ્ર વિવાદ હવે જોરદાર રીતે ગરમાયો છે. બિનઅનામત વર્ગના આ નેતાઓએ રાજય સરકારને સાફ શબ્દોમાં ચીમકી આપી દીધી છે કે, એસસી,એસટી અને ઓબીસી અનામતને રાહત આપવા સરકાર જે નવો પરિપત્ર જારી કરે તેમાં બિનઅનામત વર્ગને અન્યાય થશે તો ઉગ્ર આંદોલન થશે. બિનઅનામત વર્ગને કોઈપણ પ્રકારે અન્યાય નહી સાંખી લેવાય. મોડી સાંજે બિનઅનામત વર્ગના નેતાઓ ગાંધીનગર કલેકટર અને મુખ્યમંત્રીને મળવા પહોંચવાનો પ્રયાસ કર્યો હતો, જેને લઈ ગરમાગરમી અને પોલીસ સાથે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. બિનઅનામત વર્ગના લોકોએ હાલનો પરિપત્ર રદ નહી કરવા ઉગ્ર માંગણી કરી હતી. આ પહેલાં દિવસ દરમ્યાન બિનઅનામત વર્ગના નેતાઓની બહુ મહત્વની બેઠક યોજાઈ હતી, જેમાં સમગ્ર રણનીતિ નક્કી કરાઈ હતી. ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે છેલલા ૬૫ દિવસથી એલઆરડી ભરતીના વિવાદના મુદ્દે મહિલાઓ આંદોલન કરી રહી છે. આ મામલે ગઈકાલે સરકારે તેમની માંગણી સ્વીકારી અને ૧-૮-૨૦૧૮ના પરિપત્રમાં સુધારો કરવાની વાત કરી હતી અને આજે હાઈકોર્ટમાં જણાવ્યું હતું કે, સરકાર આ મુદ્દે નવો જીઆર બહાર પાડશે અને અરજદારોની માંગણી સંતોષાઈ જશે. સરકારની આ વાત સાંભળી બિનઅનામત વર્ગના લોકો ભડકયા હતા અને રાજયભરના બિનઅનામત વર્ગમાં જોરદાર આક્રોશ ફેલાઈ ગયો હતો.



## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




સીધી વાત જ છે... અ એટલે મેષ રાશી, તેમાં ગુરુ પાવર ફૂલ છે... શની અને કેતુની દશા પ્રબળ છે.. એટલે સામેનાની દશા આવી થઈ....

## વાત-વાતમાં.....

- ગુજરાત સાયન્સ ફોરેન્સિક યુનિવર્સિટી ખાતે વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ વાર્ષિકોત્સહમાં વિવિધ રચનાત્મક અને સાંસ્કૃતિક સાથે મનોરંજક કાર્યક્રમોનું પણ આયોજન કરાયુ હતુ જેને વિદ્યાર્થીઓએ મન ભરીને માણ્યાં હતા.
- ગાંધીનગરમાં સચિવાલયથી માંડીને ચાની કિટલી અને પાનના ગલ્લાં સુધી દિલ્હીમાં આમ આદમી પાર્ટીનો વિજય ટૉક ઓફ ધ ટાઉન બન્યો હતો. આ સાથે આ મુદ્દે અવનવા ચબરાકિયાં પણ સોશ્યલ મિડીયા પર વાઈરલ થવા પામ્યાં હતા.

# ટ્રક અકસ્માતમાં ઘાયલ બંને ડ્રાઈવર્સના નાણાં ૧૦૮ની ટીમે સાચવીને પરત કર્યા..!!

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના રખિયાલ નજીક આજે બે ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બંને ટ્રક ડ્રાઈવર ઘાયલ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેમને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યાં હતા. આ કામગીરીમાં ૧૦૮ની ચિલોડા તથા રખિયાલની ટીમે સેવા આપી હતી જે દરમ્યાન તેમણે બંને ડ્રાયવરના નાણાં પણ સાચવીને પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ દાખવ્યું હતું.

દહેગામ-રખિયાલ માર્ગ પર સર્જાયેલા બે ટ્રક વચ્ચેના અકસ્માતમાં બંને ટ્રક ડ્રાઈવર ઘાયલ થવા પામ્યાં હતા. અકસ્માતની ઘટના બનતા એકત્ર થયેલા નાગરિકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી મદદ માટે બોલાવી હતી જે માટે રખિયાલ અને ચિલોડા ખાતેની બે ૧૦૮ વાન ઘટના સ્થળે ધસી ગઈ હતી અને બંને ડ્રાઈવર્સને હોસ્પિટલ પહોંચાડ્યા હતા. બંને ડ્રાઈવર્સ ઈજાગ્રસ્ત હોવાને કારણે તેમને કપડાંનું ભાન નહોતુ આથી તેમના ખીસ્સામાં રહેલા નાણાં સહિતના અન્ય કાગળો વગેરે ખોવાઈ ના જાય તે હેતુથી ૧૦૮ની ટીમે સાચવીને રાખ્યા હતા અને જયારે પ્રાથમિક સારવાર બાદ હોસ્પિટલમાં દાખલ કર્યા પછી સ્વસ્થ થયેલા ડ્રાઈવર્સને તેમના નાણાં સુપરત કર્યા હતા જેને કારણે બંને ડ્રાઈવર્સે ૧૦૮ની ટીમોના સભ્યોનો આભાર માન્યો હતો. ૧૦૮ની આ બંને ટીમમાં અમિત પટેલ, ધરમશી દેસાઈ, કાળુસિંહ સોલંકી અને સુરેશભાઈ સાધુએ સેવાઓ આપવા સાથે નાણાં પરત કરી પ્રમાણિકતા દાખવી હતી.



# એલઆરડી મહિલા ઉમેદવારોના સમર્થનમાં ત્રણ ધારાસભ્યોના ઉપવાસ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે એલઆરડી બહેનો પોતાને ન્યાય મળે તે માટે છેલ્લા ૬૫ દિવસથી લડત ચલાવી રહી છે. ત્યારે બહેનોના સમર્થનમાં ૭૨ કલાકના ઉપવાસ ત્રણ ધારાસભ્યોએ કર્યા છે. જેમાં દસાડાના ધારાસભ્ય નૌશાદ સોલંકી, ચોટીલા વિધાનસભાના ધારાસભ્ય રૂત્વીક મકવાણા અને સિધ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોરનો સમાવેશ થાય છે.

ત્યારે આજે સત્યાગ્રહ છાવણી ખાતે ન્યાય માટે આંદોલન ચલાવી રહેલી અનામત કેટેગરીની એલઆરડી બહેનોના સમર્થનમાં ધારાસભ્યોએ પણ સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર ઉતર્યા છે. ત્યારે દશાડાના ધારાસભ્ય નૌશાદ સોલંકીએ જણાવ્યું હતું કે પરિપત્રમાં સુધારો કરવાનો નિર્ણય લેવાયો છે, ત્યાં સરકાર કયો સુધારો કરવા માંગે છે, તેની જાહેરાત કરવામાં આવે, દિકરીઓની માંગ છે કે સુધારો નહી પરિપત્ર રદ થાય એટલે અમે તેમની સાથે જ છીએ. જરૂર પડે તો અમે આ દિકારીઓના મુદ્દાને ટ્રમ્પ સુધી પહોંચાડવા માટે પણ સક્ષમ છીએ. ૭૨ કલાકના અનશનની જાહેરાત કરી એટલે સરકાર સફાળી જાગી છે. પોલીસે આ દિકરીઓને મંડપ પણ બાંધવા દેતી નથી એટલે આ પ્રકારની રણનિતી સરકારની કોઈ ચાલનો ભાગ લાગે છે. જયારે સિધ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોરે જણાવ્યું હતુ કે દિકરીઓનો એક જ પ્રશ્ન મુખ્ય છે કે પરિપત્ર રદ થવો જોઈએ. આ પરિપત્ર કઈ રીતે દાખલ કર્યો છે તે સમજાતુ નથી. એસસી,એસટી, ઓબીસીના કોઈ ધારાસભ્ય કે સાંસદને વિશ્વાસમાં લીધા નથી એટલે અમારી પણ એ જ માંગ છે કે પરિપત્ર રદ થાય. ત્યારે આંદોલન કરી રહેલી મહિલા ઉમેદવારે જણાવ્યું હતુ કે જયાં સુધી અમારુ મેરીટ વેબસાઈટ પર નહી મુકાય ત્યાં સુધી અમે આંદોલન પુરુ કરીશુ નહી. તમામ બહેનોની એક જ માંગ છે કે પરિપત્ર રદ કરો, મેરીટ રીસેટ કરો, અને હવે આગામી આવનાર તમામ ભરતી પ્રક્રિયા જુની પધ્ધતિ લાગુ કરો. સરકાર કેમ અમારા હકમાં નિર્ણય લેતી નથી.

## ખૂણેખાંચરેથી

- ડોનાલ્ડ ટ્રમ્પના ગુજરાત પ્રવાસ અંગે આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે મોટેરા સ્ટેડિયમની મુલાકાત લીધી હતી.
- દહેગામ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ આજે જિલ્લા પંચાયતની મુલાકાતે આવ્યા હતા. તેમણે બાંધકામ વિભાગના એકઝી. એન્જીનીયર સહિત કેટલાક અધિકારીઓની મુલાકાત કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં હાલ લીડબેંક દ્વારા એમ.એસ.એમ.ઈ. સપ્તાહની ઉજવણી ચાલી રહી છે જેમાં યુવાનોને ઉદ્યોગ સ્થાપવાની તકો વિશે સમજૂત કરવામાં આવી રહ્યા છે. ૧૬મી સુધી આ સપ્તાહની ઉજવણી ચાલશે.
- ગાંધીનગર જિલ્લામાં નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા ૨૧ જેટલા કર્મચારીઓએ ઉચ્ચ મહેસુલ લાયકાતની પરીક્ષા ઉત્તીર્ણ કરી છે. આ પરીક્ષાનું પરિણામ આજે જ જાહેર થયુ છે. ૨૧ જેટલા ઉમેદવારો જે ઉત્તીર્ણ થયા છે તેમાં ૨૦ ઉમેદવારોએ પ્રથમ તકમાં જ આ પરીક્ષા પાસ કરી છે જ્યારે એક ઉમેદવારે બીજી તકમાં આ પરીક્ષા પાસ કરી છે. આજે પરિણામ જાહેર થતાં કલેક્ટર કચેરીમાં ખુશીનો માહોલ છવાયેલો હતો.
- આગામી ૧૭મી ફેબ્રુઆરીએ જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા છાલા ખાતે એક મેગા આયુર્વેદ નિદાન કેમ્પ યોજવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# ખોરજ હુડકો ખાતે પરિવાર પર ૪ શખ્સોનો હુમલો

ગાંધીનગર, તા.૧૨

ખોરજ સ્થિત ઈન્દીરાનગર હુડકો ખાતે ચાર શખ્સોએ પરિવાર હુમલો કરતા હોહા મચી ગઈ છે. ૬ બાળકોની માતા તેવી મહિલા રીસાઈને બેઠી હોવાથી સમાજના કહેવા મુજબ પાછી લાવવા માટે વધુ પડતો દંડ આપવાની પતિ એ ના પાડતા ચાર શખ્સોએ હુમલો કરી ચાર નાગરીકોને ઘાયલ કર્યા છે. આ બનાવને લઈ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ખોરજ હુડકો ખાતે રહેતા અમૃતભાઈ ગંગારામ સલાટને ત્રણ દિકરા અને ત્રણ દિકરીઓ છે.જેમાં દિકરીઓના લગ્ન થઈ ગયા છે.ત્યારે તેમના પત્નિ મીના બેન છેલ્લા દશેક માસથી રીસાઈને બેઠા છે અને પિયર નરોડા ખાતે રહે છે.

પત્નીએ અમદાવાદ કોર્ટમાં કેસ કર્યો હતો જેનો નિકાલ પણ આવી ગયો છે.તેઓ પત્નીને લેવા જતા તેઓએ પંચરાહે બેઠક કરી મોકલવાની વાત કરી હતી. ત્યારે ફરીયાદના આક્ષેપ પ્રમાણે ત્રણ વખત તેઓએ સમાજની મિટીંગ મળવા દીધી ન હતી. તેઓ યેનકેન પ્રકારે સમાજ દ્વારા મોટો દંડ વસુલ થાય તે રીતે પ્રયત્નો કરતા હતા.ગતરોજ તેઓ પોતાના નાના ભાઈના ઘરે હતાત્યારે અજય રણછોડ સલાટ, શનિ રણછોડ સલાટ, રમેશ નાથુ સલાટ, મોતીભાઈ માનાભાઈ સલાટ લોખંડની પાઈપો તેમજ લાકડીઓ લઈને આવ્યા હતા.આ ચારેય જણાએ ફરિયાદીને માથાના ભાગે પાઈપ મારી દીધી હતી. આ સમયે તેમનો ભાઈ ,ભાભી, અને ભત્રીજી વચ્ચે પડતા તેઓને પણ આ શખ્સોએ માર માર્યો હતો.બનાવ અંગે ચાર શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## પુન્દ્રાસણ ગામમાંથી વિદેશી દારુની ૯ બોટલ ઝડપાઈ

ગાંધીનગર નજીક આવેલા પુન્દ્રાસણ ગામના ખેતરમાંથી વિદેશી દારુની ૯ બોટલ પોલીસે પકડી પાડી છે. પુન્દ્રાસણ ગામનો ભરતજી રામાજી ઠાકોર વિદેશીદારુનો વેપાર કરે છે. જેને પગલે પોલીસે બાતમીને આધારે રેઈડ પાડીને જુના બોરવાળા ખેતરમાં જમીનમાં દાટેલી વિદેશી દારુની ૯ બોટલ પકડી પાડી હતી. સ્થળ પર હાજર મળી આવતા ભરતજી ઠાકોરને વિદેશી દારુ અંગે પુછતાછ કરતા પોતે મિત્ર રમેશજી ઉર્ફે ચકો કાળાજી ઠાકોર (રહે.પુન્દ્રાસણ) મળીને ભાગીદારમાં વેપાર કરતા હોવાનું કહ્યું હતું. જયારે દારુનો જથ્થો સેકટર-૧૫ ખાતે રહેતા મહેશ ઠાકોરે આપ્યો હોવાનું જણાવ્યું હતું. જેને પગલે પેથાપુર પોલીસે ત્રણેય સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## સે. ૫ સીએનજી પંપ પાસે બુલેટ-એક્ટીવા વચ્ચે અકસ્માત

ગાંધીનગર શહેરના 'ગ' માર્ગ પર સાંજના સુમારે સેક્ટર-૫ માં જવાના કટ પાસે બુલેટ અને એક્ટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બંને ચાલકોને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હતી. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. સેક્ટર-૫ પાસે વળી રહેલા અકસ્માતોને પગલે વસાહતીઓ દ્વારા માર્ગ પર બમ્પ બનાવવા માટે રજુઆત કરાઈ છે.